# મીનીમમ ગવર્મેન્ટ મેકસીમમ ગવર્નન્સ માત્રથી શું દેશની સમસ્યો દૂર થશે ?

બ્રહ્માકુમાર પ્રફુલ્લચંદ્ર શાહ (નડીઆદ) ; મોબા. 09825892710

"હમ સિર્ફ વાદા કરને વાલે નહીં લેકિન ઈરાદા રખને વાલે હૈં" આ શબ્દો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014 ની પોતાની ચૂંટણી સભામાં વારંવાર ઉચ્ચારેલા છે. ભાજપાના ઘોષણાપત્રમાં પણ આ ઈરાદાઓને સ્પષ્ટ કરવામાં આવ્યાં છે. મોંઘવારી ઓછી કરીશું; ભ્રષ્ટાચાર દુર કરીશું; મહિલાઓને સુરક્ષિત કરીશું ; તેમનું સશક્તિકરણ કરીશું તેમજ તેમનું સન્માન જળુવાય તે માટે પ્રયત્ન કરીશું; બેરોજગારી દૂર કરી ખાસ યુવાનો માટે નવી તકો ઉભી કરીશું; ગરીબી દૂર કરીશું; દેશને સ્વચ્છ સુઘર્યો બનાવીશું, વગેરે, વગેરે. મોદી સાહેબે એવી પણ વાત કરી છે કે આ બધુ અમે મીનીમમ ગવર્નમેન્ટ એન્ડ મેકસીમમ ગવર્નન્સથી કરીશું. દેશનો વહિવટ એક આદર્શ વ્યવસ્થાપન પ્રણાલી દ્વારા પ્રમાણિક પણે નિષ્ઠાપૂર્વક કરીશું. આ માટે તેઓ તેમના કેબીનેટ સભ્યો સાથે તેમજ સાંસદો સાથે બેઠકો પણ યોજી. સાંસદોની એક તાલિમ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું. એક ક્ષણ માટે માની લઈએ કે મોદી સરકાર લક્ષ્ય સિદ્ધિ માટે નિષ્ઠાપુર્વક, પૂરી પ્રમાણિકતાથી બધા પ્રયાસ કરશે તેથી શું આપણા દેશની સમસ્યાઓનું સમાધાન થઈ જશે? કયા અચ્છે દિન આયેંગે ? એમાં શંકા ઉત્પન એટલે થાય છે કે આજે આ સમસ્યાઓ માટે જેટલી સરકાર જવાબદાર છે તેટલી જ કે તેનાથી વધુ જવાબદાર આપણા દેશની જનતા છે.

મોંઘવારી નો દાખલો લઈએ તો ભ્રષ્ટ રાજકારણીઓ અમુક અંશે તે માટે જવાબદાર હશે પરંતુ આ સમસ્યાનું મૂળ કારણ તો કાળાબજાર, સટ્ટાખોરી, નફાખોરી, સંગ્રહખોરી, વાયદાનો વેપાર, ખેડૂતો તેમજ નાના ઉત્પાદકોનું અનૈતિક શોષણ, વગેરે છે. આના માટે કોણ જવાબદાર? લોભી, સ્વાર્થી તેમજ ભ્રષ્ટ વેપારીઓનો એક બહુ મોટો વર્ગ, જે જનતાનો જ એક ભાગ છે તે જ મહદ્ અંશે જવાબદાર છે. બહુ-ચર્ચિત ડુંગળીનો દાખલો લઈએ તો ખેડૂતો પાસેથી રૂ. 6-00 પ્રતિ કિલોએ ખરીદાતી ડુંગળી બજારમાં રૂ. 25-00 પ્રતિ કિલોના ભાવે વપરાશકર્તાને વેચાય છે. હોલસેલ વેપારી તેમજ રીટેઈલ વેપારીનો નફો, ટ્રાન્સપોર્ટેશન તેમજ અન્ય ખર્ચાઓની ગણતરી કરવામાં આવે તો પણ રૂ. 15 થી રૂ. 20 પ્રતિ કિલોથી ભાવ વધુ ન હોઈ શકે. એટલે ગમે તેટલી સારી પ્રામાણિક ગવર્નમેન્ટ હોય, કાયદાકીય રીતે પણ સખ્ત પગલાં લેવાતા હોય તો પણ જયાં સુધી વેપારીઓની લોભવૃત્તિ, સ્વાર્થવૃત્તિ તેમજ અનૈતિકતા દૂર કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ વિશેષ સુધાર લાવી શકાય નહિ. આ માટે જનતાને જાગૃત થવું પડશે, જનતાને પણ નીતિના પાઠ શિખવા પડશે.

ભ્રષ્ટાચારની સમસ્યાને લઈએ તો આ નોકરશાહીની દુનિયામાં ભ્રષ્ટાચાર કેટલાંક પ્રમાણિક લોકોને બાદ કરતાં, નીચેના પટાવાળાથી માંડીને છેક ઉપરી અધિકારીઓ સુધી વ્યાપેલો છે. ભ્રષ્ટાચાર ફકત રાજકારણમાંજ નહિં દેશની જનતાના એક બહુ મોટા નોકરીઆત વર્ગમાં પણ ફેલાયેલો છે. જ્યાં સુધી જનતાને પ્રામાણિકતા, સત્યતા, નિષ્ઠા જેવાં મૂલ્યોનાં, જવાબદારીના તેમજ રાષ્ટ્રભાવનાના પાઠ ભણાવામાં ન આવે ત્યાં સુધી ફક્ત સરકારના પ્રયાસથી વિશેષ કાંઈ ન વળે,

મહિલાઓ આજે અસુરક્ષિત કેમ છે? આના માટે જવાબદાર કોણ? આજના આ નૈતિક અધઃપતનના સમયે માણસની દૃષ્ટિ વિકારી બની છે. વ્યક્તિ-વાસના ગ્રસ્ત તેમજ પાશવી, આસુરી બન્યો છે. અમુક અંશે મહિલાઓ પણ વિકૃત જીવન શૈલીને કારણે જવાબદાર છે. તો આના નિરાકરણ માટે શું ફક્ત સરકારી પ્રયાસો જ પર્યાપ્ત છે? આ માટે જનતાએ ચરિત્રતાના, નૈતિકતાના,

પવિત્રતાના, વાસના શમનના, મર્યાદાના, સંયમ-નિયમના પાઠ શીખવા પડશે.

દેશને સ્વચ્છ સુઘર્યો બનાવવામાં પણ સરકારી પ્રયાસોને દેશના દરેક નાગરિકે સહયોગ આપવો પડશે. દરેક વ્યક્તિએ પોતાના સ્તરે સ્વચ્છતા અંગે સભાનતા કેળવવી પડશે, તો દેશ આપો આપ સ્વચ્છ બની જશે. ટ્રાફિક સમસ્યા પણ આપણા દેશની મોટી સમસ્યા છે. તેના માટે પણ લોકોમાં રહેલો ટ્રાફિક સેન્સનો અભાવ જવાબદાર છે.

ભારત કરતા ખુબ જ નાના તેમજ કુદરતી સંશાધનની ઉણપવાળા જાપાન જેવા અનેક દેશોએ ખૂબ જ થોડા સમયમાં જે પ્રગતિ સાધી છે, વિકાસ કર્યો છે, તેની પાછળ સરકારી પ્રયાસ કરતા જનતાનો વ્યક્તિગત સ્તરનો નૈતિક ફાળો, રાષ્ટ્રપ્રેમ, સમર્પણની ભાવના વધુ જવાબદાર છે.

આપણે આપણા દેશનો સાચા અર્થમાં સર્વાંગી વિકાસ ઈચ્છતા હોઈએ તો લોકોમાં વહેંચીને ખાવાની વૃત્તિ કેળવવી પડશે; લોકોને નૈતિક શિક્ષાના તેમજ મૂલ્ય શિક્ષણના પાઠ ભણાવી તેમને ચરિત્રવાન, નિષ્ઠાવાન બનાવવા પડશે; લોકોમાં રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રભાવના કેળવવી પડશે; કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, દ્વેષ, ઈર્ષા જેવા વિકારોના પ્રભાવથી મુકત કરવા પડશે; તનાવ વ્યગ્રતા, હતાશા, નિરાશા, જેવી નકારાત્મક મનોદશાથી લોકોને મુક્ત કરવા પડશે; લોકોને ભૌતિક તેમજ માનસિક સ્વચ્છતા, આરોગ્ય તેમજ ટ્રાફિક સેન્સના પાઠ ભણાવવા પડશે.

આ પ્રકારનું કામ કરવામાં આપણી શિક્ષણ પ્રણાલી તેમજ સરકારી પ્રયાસો કારગત નિવડયા નથી, એ પણ હકીકત છે. અત્યારે આપણા વિશ્વવિદ્યાલયમાં જે શિક્ષણ આપવામાં આવે છે, તેનાથી કાંઈ વળે તેમ નથી. શિક્ષણ પ્રણાલીમાં દરેક સ્તરે નૈતિક તેમજ મૂલ્ય શિક્ષણને પ્રાધાન્ય આપવું પડશે. સરકારી પ્રયાસો સાથે બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમજ અન્ય સમાજસેવી સંસ્થાઓએ આ પ્રકારના શિક્ષણ તેમજ લોક જાગૃતિ માટે અગ્રેસર થવું પડશે. આજે મૂલ્ય શિક્ષણની વાતો તો ઘણી બધી થાય છે, થોડા ઘણાં પ્રયાસો પણ થઈ રહ્યાં છે છતાં કોઈ વિશેષ અસર ઉભી કરી શક્યા નથી એટલે આજે જરૂર છે કોઈ સચોટ પરિણામ-લક્ષી પ્રયાસોની.

આજના મેનેજમેન્ટ ગુરૂઓ, તત્વચિંતકો તેમજ અધ્યાત્મવાદીઓનું હવે સ્પષ્ટ પણે માનવું છે કે જીવનમાં મૂલ્યોની ધારણા માટે જો કોઈ એક માત્ર ઉપાય હોય તો તે છે, આધ્યાત્મિક જાગૃતિ. અધ્યાત્મ એક સચોટ વિજ્ઞાન છે. આ વિજ્ઞાના શાશ્વત તેમજ સનાતન સિદ્ધાંતોનું જ્ઞાન લોકોમાં જાગૃતિ લાવશે. આ જ્ઞાનના શિક્ષણ દ્વારા લોકોમાં આધ્યાત્મિક વિવેક (Spiritual Wisdom) ઉભો કરવો પડશે. આવી આધ્યાત્મિક સમજ (Spiritual Perception) દ્વારા જ મનુષ્યના જીવનને સકારાત્મક તેમજ રચનાત્મક બનાવી શકાય. આજના સમયે (Spiritual Perception is call of time, need of the day) આધ્યાત્મિક સમજ સમયની પુકાર છે, આજના દિવસની જરૂરીઆત છે.

બિન-સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં શ્રી અરવિંદ આશ્રમ, રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, આર્ટ ઓફ લિવીંગ અને બ્રહ્માકુમારીઝ જેવી કેટલીક સંસ્થાઓ આ દિશામાં કામ કરી રહી છે. બ્રહ્માકુમારીઝની તો મુખ્ય પ્રવૃત્તિ જ અધ્યાત્મ વિજ્ઞાનના શાશ્વત સત્યોનું તેમજ સિદ્ધાંતોનું વિવિધ કોર્સેસ દ્વારા નિઃશુલ્ક શિક્ષણ આપવાનું છે. અને તે દ્વારા એક મૂલ્યનિષ્ઠ દિવ્ય સમાજની સ્થાપના કરવાનું છે. આ જ્ઞાનની સમજ દ્વારા વિશ્વમાં ઘણાં બધાં લોકોના જીવનમાં સચોટ સકારાત્મક પરિવર્તન થયા છે. લોકોની દૃષ્ટિ બદલાઈ છે. વિકારોના પ્રભાવમાંથી લોકો મુકત થયાં છે. બ્રહ્માકુમારીઝની આ પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ આજે આપણા દેશની ઘણી બધી યુનિવર્સિટીઓએ બ્રહ્માકુમારીઝ સાથે એમ.ઓ.યુ. કરી મૂલ્યો તેમજ અધ્યાત્મના શિક્ષણ માટે વિવિધ કોર્સેસ શરૂ કર્યા છે. સરકારે પણ આ પ્રકારનું ઉત્તમ કાર્ય કરતી સંસ્થાઓને યોજનાકીય સહયોગ આપવો જોઈએ, જેથી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થઈ શકે.

-------- 0 ------- 0 --------